રે.મુ.નં. ૯૩/૨૦૧૨ ઓર્ડર

રજીસ્ટ્રેશન નંબર : ૯૩/૨૦૧૨
ફાઇલીંગ નંબર : ૯૩/૨૦૧૨
દાખલ તારીખ : ૦૨/૧૧/૨૦૧૨
રજીસ્ટ્રેશન તારીખ : ૦૨/૧૧/૨૦૧૨

# મે.વાગરાના એડીશનલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મું : વાગરા રેગ્યુલર મુકદમા નંબર : ૯૩/૨૦૧૨

| વાદી | | રહેવાસી |
|---|---|---|
| ૧. | રાઠોડ પંજીબેન મથુરભાઇ | મુ.પો.કુઢળ, તા.જંબુસર, જી.ભરૂચ |

**વિરુદધ**

| પ્રતિવાદી | | રહેવાસી |
|---|---|---|
| ૧. | બજુબેન તે પરસોત્તમભાઇ મથુરભાઇની વિધવા | મુ.પો.કેસલુ, તા.આમોદ, જી.ભરૂચ |
| ૨. | રાજુભાઇ પરસોત્તમભાઇ રાઠોડ | " |
| ૩. | ડાહીબેન પરસોત્તમ રાઠોડ | " |

વાદી તરફે.........................વિદ્વાન વકીલશ્રી એન.આર.પરમાર
પ્રતિવાદીઓ તરફે.................વિદ્વાન વકીલશ્રી એસ.જે.પટેલ

## :: આંક – ૫ લગત હુકમ ::

(૧) વાદીની દરમ્યાન મનાઇ હુકમ મેળવવાની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, મોજે ગામ પખાજણ તા.વાગરા જી.ભરૂચની સીમમાં અરજદારના પિતાના કબજા ભોગવટાવાળી વડીલોપાર્જીત વાળી માલિકી હક્કે ખેતીની જમીન ધારણ કરતા હતા, જેની વિગત નીચે

મુજબ છે.

| ખાતા નં. | બ્લોક / સર્વે નં. | ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. | આકાર |
|---|---|---|---|
| ૨૪૯ | ૫૩૮ | ૩–૨૦–૦૦ | ૧૪.૭૫ |

વાદીની મનાઇ અરજી મુજબ વાદીના પિતા મથુરભાઇ દીપાભાઇ રાઠોડ તારીખ ૦૭/૦૧/૧૯૮૩ ના રોજ મરણ જતાં તેમના સીધીલીટીના વારસદાર તરીકે વાદી તથા પ્રતિવાદી નં. ૧ ના પતિ તથા પ્રતિવાદી નં.૨ અને ૩ ના પિતા પરસોત્તમભાઇ મથુરભાઇ છે. તેમ છતાં વારસાઇ હક્કે નામ દાખલ કરતી વખતે ગામ નમુના નંબર–૭ અને ૧૨ ના રેવન્યુ રેકર્ડે નોંધ નંબર–૪૫૨૪ તા.૧૦/૧૧/૧૯૮૬ ના રોજ એકમાત્ર નામ આ કામના પ્રતિવાદી નં.૧ ના પતિ તથા પ્રતિવાદી નં.૨ અને ૩ ના પિતા પરસોત્તમભાઇ (વાદીના સગા ભાઇ) નુ એકમાત્ર નામ દાખલ થયેલું, જ્યારે વાદીનું નામ જાણી બુઝીને રેવન્યુ રેકર્ડ ઉપર લાવેલા નહી. વધુમાં વાદી જણાવે છે કે, વાદી લગ્ન કરી કુઢળ મુકામે તેમના પતિ સાથે હોય અને સદર રેવન્યુ સર્વે નં.૫૩૮ માં વારસાઇ કરતી વખતે નોંધ નં.૪૫૨૪ દાખલ કરેલી, ત્યારે વાદીને કોઇ જાતની કોઇપણ પ્રકારની જાણ કરવામાં આવેલ નથી કે જમીન મહેસુલ અધિનીયમ મુજબ કલમ ૧૩૫–ડી મુજબ કોઇ નોટીસની બજવણી પણ કરાવામાં આવેલ નથી કે વાદીએ સદર મિલકત બાબતે કોઇ હક્ક પણ જતો કરેલ નથી. વાદી જણાવે છે કે, ઉપર જણાવેલ મિલકત વડીલોપાર્જીત છે અને વાદી હિન્દુ ધર્મ પાળે છે અને વડીલોની મિલકતમાં કાયદેસરનો તેમના વારસદારોનો હક્ક લાગે, પરંતુ ૧૯૫૬ ના કાયદામાં દિકરીને વડીલોપાર્જીત મિલકતમાં હક્ક હતો નહી, પરંતુ ૨૦૦૫ ના સુધાર  મુજબ દીકરીને પણ વડીલોપાર્જીત હક્ક લાગે છે અને તે મુજબ સદર મિકલતમાં વાદી પોતાનો પણ હક્ક હીસ્સો સમાયેલો હોવાનું જણાવે છે. તે હકીકત જોતાં સદર દાવો વાદી પોતાની તરફેણમાં હોવાનો તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ તેમના લાભમાં હોવાનું અને સદર દાવો પોતાનો

પ્રાયમાફેસી કેસ હોવાનું પણ જણાવી મોજે ગામ પખાજણ, તા.વાગરા, જી.ભરૂચની સીમ મધે આવેલ ખાતા નં.૨૪૯ જેનો બ્લોક નં.૫૩૮ માં વાદી અડધા હિસ્સાના કાયદેસરના વારસરદાર હોય સદર મિલકત આ કામના પ્રતિવાદી કે તેના એજન્ટો વાદીને સદર જમીનમાં પ્રવેશ કરતા રોકે રોકાવે નહી તેમજ સદર વાદગ્રસ્ત જમીન આ કામના પ્રતિવાદીઓ જાતે કે તેઓના એજન્ટ, એસાઈનીઓ મારફતે વેચે, વેચાવે નહી તેવો દાવા દરમ્યાન મનાઈ હુકમ મેળવવા હાલની અરજી કરેલ છે.

**(૨)** પ્રતિવાદીઓ તરફે આંક–૧૧ થી વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી વિરૂધ્ધ લેખીત જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, વાદીની દાવા અરજીના પેરા–૪ માં જણાવેલ હકીકતો ખોટી છે અને ખરી હકીકતમાં, આ કામના વાદીએ મહે. ભરૂચના નાયબ કલેક્ટર ઇ.ક.પ. અપીલ નં.૧૪૩/૨૦૦૯ દાખલ કરેલ. સદર અપીલના કામે નાયબ કલેક્ટર સાહેબે તા.૨૬/૦૪/૨૦૧૧ ના રોજ વાદીની અપીલ નામંજુર કરેલ છે. તેની ઉપર હાલના વાદીએ મહે. ભરૂચના કલેક્ટર સાહેબની સમક્ષ ઇ.ક.પ. અપીલ ૬૯/૨૦૧૨ દાખલ કરેલી. જે સુનાવણી બાદ તા.૧૬/૦૮/૨૦૧૨ ના રોજ વાદીની અપીલ નામંજુર કરેલ છે. સદર અપીલ ઉપર હાલના વાદી મહે. ગુજરાતના મહેસુલ સચિવ સમક્ષ કોઈ અપીલ કરેલ નથી અને હાલનો દાવો ઉપસ્થિત કરેલ છે. પ્રતિવાદીઓ વધુમાં જણાવે છે કે, મોજે પખાજણ, તા.વાગરા, જી.ભરૂચમાં વારસાઈની એન્ટ્રી નં.૪૫૨૪., તા.૧૮/૧૧/૧૯૮૬ ના રોજ પડેલ છે. સદર એન્ટ્રીમાં જણાવ્યા મુજબ તા.૭/૧/૧૯૮૭ ના રોજ સદર એન્ટ્રી મંજુર કરેલી છે. સદર એન્ટ્રીના કામે લાગતા–વળગતા વારસદારોને નોટીસ બજાવેલ છે. પેઢીનામું, પંચક્યાસ, મરણપત્રકની ખાતરી કરી એન્ટ્રી મંજુર કરેલ છે. વધુમાં સદર કામના વાદીના પિતા મથુરભાઈ દિપાભાઈનાઓની માલિકી કબજા ભોગવટાની ખેતીની જમીન મોજે પખાજણ, તા.વાગરા, જી.ભરૂચના બ્લોક નં.૫૩૮ હે–આરે–ચોમી : ૩–૨૦–૨૪, આકાર : ૧૪–૭૫ ની ખેતીની જમીન ખેડુત દિને માલિક થવાથી ગામના હક્કપત્રક નં.૬ ના નોંધ નં.૨૧૩૩ તા.૨૬/૭/૧૯૬૦ થી તાલુકા પંચાયતના હુકમ નં.એ.એલ.ટી.–૧૧૧–

બ/૬૦ તા.૫/૮/૧૯૬૦ થી ગ.ધા.ક.૭૩ મુજબ નોંધ પડેલી તે બાદ તા.૨/૬/૧૯૮૮ ના રોજ ગામે રીસર્વે થવાથી નોંધ નં.૭૫૫૯, સ.નં.૪૮૮ પૈકીની જમીનનો નવો બ્લોક નં.૫૩૮ થયેલ છે. મથુરભાઇ દિપાભાઇ રાઠોડ તા.૭/૧/૧૯૮૩ ના રોજ ગુજરી જતાં તેમની સીધી લીટીના વારસદાર તરીકે પરસોત્તમભાઇ મથુરભાઇનું નામ એન્ટ્રી નં.૭૫૨૪ થી દાખલ થયેલ છે. ત્યારબાદ પરસોત્તમભાઇ મથુરભાઇ રાઠોડ તા.૨૯/૬/૨૦૦૧ ના રોજ ગુજરી જવાથી તેમના કાયદેસરના વારસદારો રાજુભાઇ પરસોત્તમભાઇ, બજુબેન ઇશ્વરભાઇ પરસોત્તમભાઇ તેમજ ડાહીબેન પરસોત્તમભાઇ મથુરભાઇ રાઠોડનું નામ દાખલ થયેલ છે. સદર કામમાં બે વખત વારસાઇ થઇ હોય તેમ છતાં હાલના વાદીઓએ કોઇ વાંધો વિરોધ લીધેલ નથી. તેમજ હાલના પ્રતિવાદીઓએ વાદી ફોઇ થતાં હોય તેમના સામાજીક રીત–રીવાજો તેમના ગુજરનાર પિતાશ્રીએ પુરા કરેલ હોય, હાલમાં પખાજણ, તા.વાગરામાં જમીનના ભાવો આસમાને હોય તથી અમુક લોકોની ચઢામણીથી સદર ખોટો દાવો કરેલ હોવાનું જણાવે છે. સદર કામના વાદી કુંઢળ, તા.જંબુસર, જી.ભરૂચ પરણાવેલા હોય, હાલના વાદીએ તા.૧૮/૧૧/૧૯૮૬ ના રોજ ફેરફાર નોંધ નં.૭૫૨૪ પડી ત્યારે કોઇ જાતનો વાંધો વિરોધ નોંધાવેલો ના હોય કે દાવો મિલકત મેળવવા માટે કરેલ ન હોય સદર દાવો ૨૭ વર્ષ બાદ કરેલ હોય સદર દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે. સદર દાવાના કામે વાદીએ કોઇ ડીલે અરજી કરેલ ન હોવાનું અને આ દાવો પ્રતિવાદીઓને હેરાન–પરેશાન કરવા માટે કરેલ હોય હાલની દાવા અરજી તથા મનાઇ અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૩) વાદી તરફે આ કામે નિ. ૩/૧ થી ૩/૭ મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે. જે વંચાણે લીધા. જ્યારે પ્રતિવાદી તરફે નિ.૧૩/૧ થી નિ.૧૩/૫ મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. જે વંચાણે લીધા. તેમજ વાદી તથા પ્રતિવાદીઓ તેમજ તેમના વકીલશ્રીઓ વારંવાર ગેરહાજર રહેલ હોય બંને પક્ષોની આંક–૫ લગત દલીલનો હક બંધ કરવામાં આવેલ છે.

**(૪)** ઉપરોક્ત હકીકતે આ અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદી પુરવાર કરે છે કે, તેમનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, સગવડ–અગવડની સમતુલા તેઓની તરફેણમાં છે ?

(૩) શું વાદીને માંગ્યા મુજબનો દરમ્યાન મનાઈ હુકમ આપવામાં ન આવે તો તેઓને નાણામાં ભરપાઇ ન થઇ શકે તેવું નુકશાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

**(૫)** ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો તથા કારણો નીચે પ્રમાણે છે.

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) નકારમાં.

(૪) આખરી હુકમ મુજબ.

**:: <u>કારણો</u> ::**

**<u>મુદ્દા નં.૧ થી ૩</u> :**

**(૬)** મુદ્દા નં. ૧ થી ૩ પરસ્પર સંકળાયેલા હોય, પુનરાવર્તન ટાળવાના હેતુથી તમામ

મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલી છે. આ કામે વાદીએ પોતાની દાવા અરજી સાથે મનાઇ અરજી રજુ કરી જણાવેલ છે કે, દાવાવાળી મિલકત વડીલોપાર્જીત છે, તેમના પિતા મથુરભાઇ દીપાભાઇ રાઠોડ મરણ પામેલા હોય અને તેઓ સીધી લીટીના વારસદાર હોય કાયદેસર રીતે આ મિલકતમાં તેમનો હક્ક હિસ્સો મળવાપાત્ર છે. સદર હકીકતના સમર્થનમાં તેઓએ નિ.૩/૬ થી તલાટી કમ મંત્રી પંચો રૂબરૂ બનાવેલું પેઢીનામું રજુ કરેલ છે, જે જોતાં હાલના વાદી મથુરભાઇ દીપાભાઇ રાઠોડના વારસ તરીકે જણાઇ આવેલ છે. આ સિવાય પ્રતિવાદીઓએ પણ તેમના જવાબમાં એવો કોઇ વાંધો લીધો નથી કે દાવાવાળી મિલકત વડીલોપાર્જીત નથી કે વાદી મથુરભાઇ દીપાભાઇ ના વારસ નથી. જેથી એવું માની શકાય કે હાલની દાવાવાળી મિલકત વડીલોપાર્જીત છે અને વાદી મથુરભાઇ દીપાભાઇના કાયદેસરના વારસ છે. આ કામે દસ્તાવેજી પુરાવા તથા વાદીની મનાઇ અરજી, કાઉન્ટર એફીડેવીટ તથા પ્રતિવાદીના જવાબ વંચાણે લેતા એ વાત સ્પષ્ટ છે કે, દાવાવાળી તકરારી મિલકત મૈયત મથુરભાઇ દીપાભાઇ રાઠોડ ના નામે ચાલતી હતી અને ત્યારબાદ પ્રતિવાદીઓના પિતા અત્યારે હાલના પ્રતિવાદીઓના કબજા ભોગવટામાં બીનરોકટોક ચાલી આવેલ છે. આ કામના વાદીની મુળ તકરાર ફેરફાર નોધ નં.૪૫૨૪, તા.૧૦/૧૧/૧૯૮૬ છે. સદર નોંધ વંચાણે લેતાં તેમાં મથૂરભાઇ દીપા રાઠોડ તા.૭/૧/૧૯૮૩ ના રોજ મરણ પામેલ હોય તેમના સીધી લીટીના વારસદાર તરીકે હાલના પ્રતિવાદીઓના પિતાનું નામ દાખલ થયેલ છે. વાદીએ હાલનો દાવો સને ૨૦૧૨ માં કરેલ છે. આટલા વિલંબ બાદ આ દાવો કેમ દાખલ કરેલ છે તે અંગે વાદીએ તેમની દાવા અરજી કે મનાઇ અરજીમાં કોઇ જ કારણો રજુ કરેલ નથી. વધુમાં હાલના પ્રતિવાદીઓના પિતા પરસોત્તમભાઇ મથુરભાઇ તા.૨૯/૬/૨૦૦૨ ના રોજ ગુજરી જવાથી તેમના વારસદાર તરીકે હાલના પ્રતિવાદીઓના નામની નોંધ નં.૫૦૬૦, તા.૨૩/૦૮/૨૦૦૨ ના રોજ વારસાઇ થી એન્ટ્રી પડેલ છે. આમ, બે પેઢી સુધી વાદવાળી મિલકતમાં વારસાઇ થઇ ત્યાં સુધી વાદીએ કોઇ વાંધો તકરાર લીધેલ નથી. વળી સદર નોંધ નં.૪૫૨૪ વંચાણે લેતાં સદર નોંધ નોટીસની બજવણી કર્યા પછી પેઢીનામું,

પંચક્યાસ, મરણપત્રકની ખાત્રી કર્યા પછી પ્રમાણિત થયેલી છે. રેવન્યુ રેકર્ડના ઉપર અનુમાનિત સચ્ચાઇનો દરજ્જો આપવામાં આવેલ છે. જે ધ્યાને રાખીને ઘી બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૧૩૫-જે માં  કરવામાં આવેલ જોગવાઇ મુજબ હક્કપત્રક અને ફેરફાર રજીસ્ટરની નોંધ કરી હોવા સંબંધી અનુમાન કરવાનું હોય છે અને જ્યાં સુધી હક્કપત્રકમાંની નોંધ તથા ફેરફાર રજીસ્ટર માંની પ્રમાણિત નોંધ ખરી નથી એમ સાબિત કરવામાં આવે નહી ત્યાં સુધી તે ખરી છે એમ માની લેવાનું છે. તે મુજબની જોગવાઇઓ ધ્યાને રાખતાં હક્કપત્રકમાંની નોંધ ખોટી કહેનાર ઉપર તેની સાબિતિનો બોજો છે તે ધ્યાને રાખી ભારતીય પુરાવા અધિનીયમ કલમ-૩૫ વંચાણે લેતાં રાજ્યસેવકે પોતાની સત્તાની રૂએ કોઇ જાહેર કે બીજી સરકારી ચોપડા, રજીસ્ટરમાં કરેલી નોધ જે તેને જાહેર સેવક દ્વારા ફરજની બજવણીના ભાગરૂપે હોય તે પ્રસ્તુત હકીકત છે. તે ધ્યાને રાખતાં રેવન્યુ રેકર્ડમાં નોંધ કરતી વખતે જે તે અધિકારીએ યોગ્ય કાર્યવાહી કરીને જ  નોંધ પાડેલ છે તેમ માની શકાય છે. તેથી હાલનો દાવો કરવામાં થયેલ વિલંબને ધ્યાને રાખતાં હાલના તબક્કે પુરાવા લીધા વગર નોંધ નં.૪૫૨૪ તા.૧૦/૧૧/૧૯૮૬ ખરી છે કે ખોટી એવું નક્કી કરી શકાય નહી.

વધુમાં હાલના વાદી દાવા અરજી તેમજ મનાઈ અરજીમાં એવું જણાવે છે કે, દાવાવાળી મિલકત વડીલોપાર્જીત છે અને તેઓ હિન્દુ ધર્મ પાળે છે અને વડીલોની મિલકતમાં કાયદેસરનો તેમના વારસદારનો હક્ક લાગે, પરંતુ ૧૯૫૬ ના કાયદામાં દીકરીને વડીલોપાર્જીત મિલકતમાં હક્ક હતો નહી, પરંતુ ૨૦૦૫ ના સુધારા મુજબ દીકરીને પણ વડીલોપાર્જીત મીલકતમાં હક્ક લાગે છે. તેથી સદર મિલકતમાં તેમનો હક્ક હિસ્સો સમાયેલો છે. પરંતુ સદર સુધારો ધ્યાને લેતાં તેમાં કોઇ પુર્વલક્ષી અસરથી લાગુ કરવાની કોઇ જોગવાઇ કરવામાં આવી નથી, તેમજ **નામદાર સર્વોચ્ચ ન્યાયાલયે પ્રકાશ તથા અન્ય વિ. કુલાવતી તથા અન્ય (સીવીલ અપીલ નં.૭૨૧૭/૨૦૧૩) માં ઠરાવેલ છે કે,** *"The rights under the amendment (Hindu Succession Amendment Act-2005) are applicable to living daughters of living coparceners*

*as on 9th September, 2005 irrespective of when such daughters are born. Disposition or alienation including Partitions which may have taken place before 20th December, 2004 as per law applicable prior to the said date will remain unaffected. Any transaction of partion effected thereafter will be governed by the explanation."*

આમ, ઉપરોક્ત થયેલ ચર્ચા, કાનુની જોગવાઈઓ તેમજ સર્વોચ્ચ ન્યાયાલયના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાને લેતાં હાલના વાદી પોતાનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરી શક્યા નથી તેમ હું માનું છું અને તેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવું છું.

આ કામે દાવાવાળી તકરારી જમીન પર હાલના પ્રતિવાદીઓનું નામ અને કબજો ભોગવટો ખૂબજ લાંબા સમયગાળાથી ચાલતો આવે છે અને તેઓએ સદર જમીનો વેચાણ કરવાનો પ્રયત્ન કરેલ હોય તેવું વાદીએ તેમની દાવા અરજી કે મનાઈ અરજીમાં ક્યાંય જણાવેલ નથી કે તે અંગે કોઈ જ દસ્તાવેજ રજુ કરેલ નથી. વાદીએ દાવો દાખલ કર્યા પછી પણ આ કામના પ્રતિવાદીએ તકરારી જમીન વેચાણ કરવા માટે પ્રયત્ન કરેલ હોય તેવો પણ કોઈ દસ્તાવેજ રજુ કરેલ નથી. આમ, વાદી ફક્ત શંકાના આધારે દાદ મેળવવા માંગે છે. આ કામે જો વાદીને આ કામના પ્રતિવાદીઓ સદર દાવાવાળી તકરારી જમીન વેચાણ કરી દેશે તેવી શંકા હોય તો વાદી ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી ઍક્ટ અન્વયે કલમ–પર ની નોંધ કરાવી શકે છે અને તે અન્વયે દાવાનો જે નીકાલ આવશે તે તમામ લોકોને બાધિત બની શકે છે. એવા સંજોગોમાં જો મનાઈ અરજી મંજુર કરવામાં આવે તો તેનાથી સગવડ–અગવડ ની સમતુલા વાદી કરતા પ્રતિવાદીની તરફેણમાં છે કારણ કે વાદવાળી મિલકત ઘણાં લાંબા વખતથી પ્રતિવાદીઓના નામે અને કબજા ભોગવટામાં ચાલી આવેલ છે. જેના સામે હાલના વાદીએ એટલા લાંબા સમયગાળા દરમ્યાન ક્યાંય પણ વાંધો લીધેલ નથી અને હાલની મનાઈ અરજી મંજુર કરવાથી પ્રતિવાદીઓના લાંબા સમયગાળાના કબજા, માલિકી ભોગવટામાં અંતરાય–અવરોધ ઉત્પન થાય તેમ છે અને તેજ રીતે જો મનાઈ અરજી મંજુર કરવામાં ન આવે તો

વાદીને નાણાંથી ભરપાઇ ન થઇ શકે તેવું નુકશાન થવાની પણ શક્યતા નથી. આમ, ઉપરોક્ત ચર્ચાને અંતે મુદ્દા નં. ૨ અને ૩ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૪ અન્વયે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## :: <u>આખરી હુકમ</u> ::

(૧) વાદીની હાલની અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

હુકમ આજ રોજ તા. ૩ જી માર્ચ સને ૨૦૧૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**DATE :03-03-2016**

**PLACE : VAGRA**

**(ARJUN SINGH)**
**ADDITIONAL CIVIL JUDGE & JMFC**
**VAGRA,**
**CODE NO.GJ01363.**